## FORM–A

| આંકલાવ મહે. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુકામ : આંકલાવ. આંક–.... | |
|---|---|
| જજમેન્ટ તારીખ | ૦૬/૦૭/૨૦૨૬ |
| ફોજદારી કેસ નં. | ૧૨૮/૨૦૨૫ |
| ગુના રજી. નં. | આંકલાવ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૧૨૧૫૦૦૩૨૪૦૭૨૬/૨૦૨૪ |
| ફરીયાદી | શ્રી સરકાર |
| ફરીયાદી પક્ષ તરફે | વિદ્ધાન એ.પી.પી.શ્રી એસ.કે.રાવલ |
| આરોપી | નિતેશભાઈ અરજણભાઈ લગારીયા<br>રહે.ઉપલેટા, યોગેશ્વર નગર, પોરબંદર રોડ,<br>તા.ઉપલેટા, જી.રાજકોટ |
| આરોપી પક્ષ તરફે | વિ.વકીલ શ્રી પી.પી.પઢીયાર |

## FORM–B

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૨–૧૨–૨૦૨૪ |
| એફ.આઈ.આર./ફરીયાદની તારીખ | ૨૩–૧૨–૨૦૨૪ |
| પ્લી/તહોમતનામું ઘડયાની તારીખ | ૧૨–૧૧–૨૦૨૫ |
| પુરાવાની શરુઆતની તારીખ | ૧૬–૦૬–૨૦૨૬ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ | ૦૬–૦૭–૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૬–૦૭–૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો. | –– |

**–: <u>આરોપીની વિગત</u> :–**

| આરોપી નો અનું. નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિતની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા/ સજા કરી | કરવામાં આવેલ સજા | Cr.P.C. કલમ ૪૨૮ ના હેતુ માટે દ્રાયલ દરમ્યાન અટકાયત |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | નો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | નિતેશભાઈ અરજણભાઈ લગારીયા | ૨૫/૧૨/૨૦૨૪ | જામીન મુકત છે. | બી.એન.એસ. કલમ-૨૮૧, ૧૨૫(એ) તથા એમ.વી.એકટ કલમ-૧૭૭, ૧૮૪ મુજબ | નિર્દોષ | -- | -- |

## FORM-C

### -: ફરીયાદી/બચાવપક્ષ/કોર્ટના સાક્ષીઓની યાદી :-

### (એ). ફરીયાદ પક્ષ તરફે મૌખિક પુરાવા :-

| અનુ. નં. | નામ | સાહેદની વિગત | આંક |
|---|---|---|---|
| **PW-1** | સુજીતભાઈ રાજેશભાઈ પરમાર | ફરીયાદી | ૦૬ |
| **PW-2** | રાજેશભાઈ ડાહયાભાઈ પરમાર | સાહેદ | ૦૮ |
| **PW-3** | નાથાભાઈ માડણભાઈ માતંગ | સાહેદ | ૦૯ |
| **PW-4** | કિશોરભાઈ બુધાભાઈ વાઘેલા | સાહેદ | ૧૦ |

### (બી). બચાવ પક્ષ.

| અનુ. નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| DW | કોઈ સાહેદ તપાસેલ નથી. | ---- |

### (સી).અદાલત દવારા.

| અનુ. નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| CW | કોઈ સાહેદ તપાસેલ નથી. | ---- |

### (એ). ફરીયાદ પક્ષ તરફે દસ્તાવેજી પુરાવા :-

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ફરીયાદ | ૦૭ |
| ૦૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૧ |
| ૦૩ | સુજીતભાઈ રાજેશભાઈ પરમારનું સારવાર સર્ટિફીકેટ | ૧૨ |

(બી). બચાવ પક્ષ ધ્વારા કોઈ પુરાવો રજૂ કરવામાં આવેલ નથી.

(સી). અદાલત ધ્વારા બીજા કોઈ પુરાવા નોંધવામાં આવેલ નથી.

(ડી). સદરહું કામે કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ નથી.

**–: ઠ રા વ :–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૨/૧૨/૨૦૨૪ ના રોજ કલાક ૨૨/૦૦ વાગે મોજે ગંભીરા મહીસાગર નદીના બ્રિજ પાસે આવેલ મનન હોટલ નજીક પોતાની ટ્રક નં.GJ10Z7714 પુરઝડપે અને ગફલતભરી રીતે બેફીકરાઈથી ચલાવી લઈ આવી પોતાની ટ્રકનું ડ્રાઈવર સાઈડનું પાછળનું ટાયર ફાટતા ટ્રક ડ્રાઈવરે ટ્રકના સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા પોતાની ટ્રકનો પાછળના ભાગેથી ફરીયાદીની ફોરવ્હીલ વેગેનાર ગાડી નંબર જીજે૦૬પી.એન. ૬૮૬૩ ને ટક્કર મારી રોડની સાઈડમાં આવેલ ખાડામાં પલટી ખવડાવી ફરીયાદીને જમણી આંખ ઉપર કપાળના ભાગે તથા શરીરે વધતા ઓછા પ્રમાણમાં ઈજાઓ પહોચાડી ગુનો કરેલ હોય, આરોપી વિરુધ્ધ બી.એન.એસ.ની કલમ– ૨૮૧ , ૧૨૫(એ) તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો નોંધેલ અને તપાસના અંતે ત.ક.અ.એ આ અદાલતમાં આરોપી સામે ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં, બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ મુજબ પોલિસ તપાસનાં કાગળોની નકલો વિના–મુલ્યે પુરી પાડવામાં આવેલી. આક્ષેપિત ગુના અંગે આરોપીની આંક–૦૩ થી પ્લી રેકર્ડ કરતાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા, આરોપી વિરૂધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે ઉપરોકત ફોર્મ–સી માં દર્શાવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. સદરહું કામે રેકર્ડ ધ્યાને લેતાં, ફરીયાદપક્ષ તરફે ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયાનું જાહેર કરવા બાબતે આંક–૧૩ થી કલોઝીંગ પુરસીસ રજૂ કરેલ છે. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાઈ નહિં આવતાં આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૪.૧) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.કે.રાવલ નાઓની દલીલો સાંભળી તથા આરોપી પક્ષના વિ.વ.શ્રી પી.પી.પઢીયાર નાઓની દલીલો સાંભળવામાં આવેલ.

(૫) ઉપરોકત હકીકતે કેસના ન્યાયીક નિર્ણય અને નિકાલ સારૂં નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત છે.

**:: મુદ્દાઓ ::**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૨/૧૨/૨૦૨૪ ના રોજ કલાક ૨૨/૦૦ વાગે મોજે ગંભીરા મહીસાગર નદીના બ્રિજ પાસે આવેલ મનન હોટલ નજીક પોતાની ટ્રક નં.**GJ10Z7714** પુરઝડપે અને ગફલતભરી રીતે બેફીકરાઈથી ચલાવી લઈ આવી પોતાની ટ્રકનું ડ્રાઈવર સાઈડનું પાછળનું ટાયર ફાટતા ટ્રક ડ્રાઈવરે ટ્રકના સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા પોતાની ટ્રકનો પાછળના ભાગેથી ફરીયાદીની ફોરવ્હીલ વેગેનાર ગાડી નંબર જીજે૦૬પી.એન. ૬૮૬૩ ને ટક્કર મારી રોડની સાઈડમાં આવેલ ખાડામાં પલટી ખવડાવી ફરીયાદીને જમણી આંખ ઉપર કપાળના ભાગે તથા શરીરે વધતા ઓછા પ્રમાણમાં ઈજાઓ પહોચાડી બી.એન.એસ.ની કલમ– ૨૮૧, ૧૨૫(એ) તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

૧. નકારાત્મક.

૨. આખરી હુકમ મુજબ.

**:: કારણો ::**

➢ **<u>મુદ્દા નં.૧ અને ૨ :–</u>**

(૭) સદરહું કામે આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંક પણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપી સામે ગુનો નિ:શંકપણે પુરવાર ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવું જોઈએ. વધુમાં ફરીયાદ પક્ષ આરોપી

સામે જે આક્ષેપો સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપો ફરીયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી નિ:શંકપણે સાબિત કરવા જોઈએ.

(૮) સદરહું કામે ફરીયાદ પક્ષ તરફે રજુ પુરાવાઓનું મુલ્યાંકન કરીએ તો, ફરીયાદપક્ષ તરફે આંક-૦૬ થી ફરીયાદી સુજીતભાઈ રાજેશભાઈ પરમાર નાઓની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે, તે અન્વયે તેઓએ સરતપાસ દરમ્યાન જણાવેલ છે કે,'' બનાવ આજથી આશરે એક દોઢ વર્ષ પહેલા રાત્રીના ૯ થી ૧૦ વાગ્યાના સમયમાં ગંભીરા બ્રીજ મનન હોટલ નજીક બનેલો. બનાવમાં હું મોહનભાઈ રાવજીભાઈ પઢીયારનાઓએ મને સમીયાણા દવા આપવા જવાનું હોય ફોન કરી બોલાવતા મોહનભાઈની વેગનઆર ગાડી લઈને સમીયાણા ગયેલા ત્યાંથી નરસીહપુરા ખાતે ગયેલા રાત્રીના હું તેમની ગાડી લઈને જાતે ચલાવીને એકલો આવતો હતો તે વખતે મનન હોટેલ પાસે સામેથી એક ટ્રક પુરઝડપે આવી તેની બાજુમાં જતા બાઈકને ઓવરટેક કરતા ટ્રકનું ટાયર ફાટવાથી ટ્રક રેલાઈ જતા મારી ગાડી સાથે અથડાતા હું રોડની ડાબી સાઈડ ખાડામાં ગાડી સાથે પલટી ખાઈ ગયેલો. કોઈએ ૧૦૮ બોલાવી મને સાંઈ હોસ્પીટલ આંકલાવ ખાતે દાખલ કરેલો ત્યાં આગળ મારા પિતાજી આવેલા. આ અકસ્માત મને જમણી આંખ ઉપર કપાળના ભાગે તથા શરીરે ઈજાઓ થયેલી. ત્યારબાદ આ બાબતે અમોએ પો.સ્ટે.માં ફરીયાદ આપેલી. મને ફરીયાદ બતાવાવમાં આવે છે તેમાં મારી સહી હું ઓળખી બતાવુ છુ જે રજુ દાખલ આંક-૦૭ આપવામાં આવે છે. અકસ્માત કરનાર વાહનનો નંબર મને ખબર નથી કે મે જોયેલ નથી કે મને કોઈએ જણાવેલ નથી. આરોપીને જોયે ઓળખી શકુ નહી."

(૮.૧) તેઓએ ફરીયાદપક્ષને સંપૂર્ણપણે સમર્થનકારક જુબાની આપેલ ન હોવાથી ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ જાહેર કરવાની પરવાનગી માંગી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા પરવાનગી આપતા તે અન્વયે પુછવામાં આવેલ પ્રશ્નો અન્વયે પણ સદરહું ફરીયાદીએ ફરીયાદપક્ષને સમર્થન કારક હકીકતો જણાવેલ નથી.

(૮.૨) સદર ફરીયાદીની બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટ-તપાસ દરમ્યાન જણાવેલ છે કે,'' એ વાત ખરી છે કે અકસ્માત કરનાર વાહનનો નંબર મે જોયેલ નથી. એ વાત ખરી છે કે અકસ્માતવાળા સ્થળે ઘણાબધા વાહનોની અવર જવર રહે છે. એ

વાત ખરી છે કે રાત્રીનો સમય હોય અને અમો અર્ધબેભાન હોય આરોપીને જોયેલ નથી તેમજ કહેવાતો બનાવ કોની બેદરકારીથી બનેલો તે હું કહી શકુ નહી.''

(૯) ફરીયાદપક્ષ તરફે આંક–૦૮ થી સાહેદ રાજેશભાઈ ડાહયાભાઈ પરમાર નાઓની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે, તે અન્વયે તેઓએ સરતપાસ દરમ્યાન તેઓએ જણાવેલ છે કે,'' બનાવ આજથી આશરે એક દોઢ વર્ષ પહેલા રાત્રીના ૯ થી ૧૦ વાગ્યાના સમયમાં ગંભીરા બ્રીજ મનન હોટલ નજીક બનેલો. બનાવમાં હું રાત્રીના મારા ખેતરમાં સુવા માટે ગયેલ ત્યારે મારા ગામના કીશોરભાઈ બુધાભાઈએ મને ફોન ઉપર જણાવેલ કે મારો દીકરો સુજીત ગંભીરા ચોકડી તરફ આવતો હતો તે વખતે તેને ગંભીરા બ્રીજ પાસે એક ટ્રક ધ્વારા અકસ્માત થયેલ છે અને તેને આંકલાવ સાંઈ હોસ્પીટલમાં લઈ ગયેલ છે જેથી મે સાંઈ હોસ્પીટલ આવી સુજીતને સારવાર હેઠળ જોયેલ અકસ્માત બાબતે પુછતા સુજીતે મને કહેલ કે મોહનભાઈ રાવજીભાઈ પઢીયારનાઓએ સુજીતને સમીયાણા દવા આપવા જવાનું હોય ફોન કરી બોલાવતા મોહનભાઈની વેગનઆર ગાડી લઈને સમીયાણા ગયેલા ત્યાંથી નરસીહપુરા ખાતે ગયેલા રાત્રીના સુજીત તેમની ગાડી લઈને જાતે ચલાવીને એકલો આવતો હતો તે વખતે મનન હોટેલ પાસે સામેથી એક ટ્રક પુરઝડપે આવી તેની બાજુમાં જતા બાઈકને ઓવરટેક કરતા ટ્રકનું ટાયર ફાટવાથી ટ્રક રેલાઈ જતા સુજીતની ગાડી સાથે અથડાતા સુજીતની રોડની ડાબી સાઈડ ખાડામાં ગાડી સાથે પલટી ખાઈ ગયેલો. કોઈએ ૧ ૦૮ બોલાવી સુજીતને સાંઈ હોસ્પીટલ આંકલાવ ખાતે દાખલ કરેલો. આ અકસ્માત સુજીતને જમણી આંખ ઉપર કપાળના ભાગે તથા શરીરે ઈજાઓ થયેલી. ત્યારબાદ આ બાબતે સુજીતે પો.સ્ટે.માં ફરીયાદ આપેલી. પોલીસે મારો જવાબ લીધેલો. અકસ્માત કરનાર વાહનનો નંબર મને ખબર નથી કે મે જોયેલ નથી કે મને કોઈએ જણાવેલ નથી. આરોપીને જોયે ઓળખી શકુ નહી.''

(૯.૧) તેઓએ ફરીયાદપક્ષને સંપૂર્ણપણે સમર્થનકારક જુબાની આપેલ ન હોવાથી ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ જાહેર કરવાની પરવાનગી માંગી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા પરવાનગી આપતા તે અન્વયે પુછવામાં આવેલ પ્રશ્નો અન્વયે પણ સદરહું સાહેદે ફરીયાદપક્ષને સમર્થનકારક હકીકતો જણાવેલ નથી.

(૯.૨) સદર સાહેદની બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટ–તપાસ દરમ્યાન જણાવેલ છે કે,''એ વાત ખરી છેકે, અકસ્માત કરનાર વાહનનો નંબર મેં જોયેલ નથી. એ વાત ખરી છે કે, અકસ્માતવાળા સ્થળે ઘણાબધા વાહનોની અવર જવર રહે છે. એ વાત ખરી છે કે, બનાવ મેં નજરો નજર જોયેલ ના હોય અને હું મારા ખેતરમાં હોય બનાવ કોની બેદરકારીથી બનેલો તે હું કહી શકુ નહીં.''

(૧૦) ફરીયાદપક્ષ તરફે આંક–૦૯ થી સાહેદ નાથાભાઈ માડણભાઈ માતંગ નાઓની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે, તે અન્વયે તેઓએ સરતપાસ દરમ્યાન તેઓએ જણાવેલ છે કે,'' બનાવમાં શું બનેલુ તેની મને ખબર નથી. હું સને ૨૦૨૪ ની સાલમાં નીતેષભાઈ લગારીયાની ટ્રકમાં એકાદ વર્ષથી કલીનર તરીકેની નોકરી કરતો હતો, ડ્રાયવર તરીકે કોણ હતુ તેની મને ખબર નથી. ટ્રકમાં મારે ડ્રાયવીંગ કરવાનું ન હોય રાત્રીના સમયે હું સુઈ જાતો હતો. મારી હાજરીમાં ટ્રકને કોઈ અકસ્માત થયેલ હોય તેવુ બનેલ નથી. પોલીસે મારો કોઈ જવાબ લીધેલ નથી. આ સિવાય બીજી કોઈ હકીકત હું જાણતો નથી.''

(૧૦.૧) તેઓએ ફરીયાદપક્ષને સંપૂર્ણપણે સમર્થનકારક જુબાની આપેલ ન હોવાથી ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ જાહેર કરવાની પરવાનગી માંગી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા પરવાનગી આપતા તે અન્વયે પુછવામાં આવેલ પ્રશ્નો અન્વયે પણ સદરહું સાહેદે ફરીયાદપક્ષને સમર્થનકારક હકીકતો જણાવેલ નથી.

(૧૦.૨) સદર સાહેદની બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટ–તપાસ દરમ્યાન જણાવેલ છે કે,''એ વાત ખરી છે કે, આવો કોઈ બનાવ બનેલ નથી.''

(૧૧) ફરીયાદપક્ષ તરફે આંક–૧૦ થી સાહેદ કિશોરભાઈ બુધાભાઈ વાઘેલા નાઓની જુબાની લેવામાં આવેલ છે, તે અન્વયે તેઓએ સરતપાસ દરમ્યાન તેઓએ જણાવેલ છે કે,'' બનાવ આજથી આશરે એક દોઢ વર્ષ પહેલા રાત્રીના ૯ થી ૧૦ વાગ્યાના સમયમાં ગંભીરા બ્રીજ મનન હોટલ નજીક બનેલો. બનાવમાં હું ગંભીરા ચોકડી ઉપર મનન હોટલ ઉપર હતો તે વખતે મહીસાગર બ્રીજ નીચે અવાજ આવતા ઘણા માણસોનું ટોળુ ભેગુ થઈ જતા મે ત્યાં જોયેલ તો માણસો વેગનઆર ગાડી

ખાડામાંથી બહાર કાઢતા હતા તેમાં અમારા ગામના રાજેશભાઈ ડાહ્યાભાઈનો દીકરો સુજીત અર્ધબેભાન અવસ્થામાં હતો. રોડની બાજુમાં એક ટ્રક પડેલી હતી જેના પાછળના ટાયર ફાટી ગયેલા હતા. ત્યારબાદ મે રાજેશભાઈને ફોન કરી હકીકતની જાણ કરેલી. તેઓ આવી ગયેલા. ૧૦૮ વાહનમાં સુજીતને સારવાર માટે લઈ ગયેલા. તે સિવાય બીજી કોઈ હકીકત હું જાણતો નથી. આ અકસ્માત સુજીતને જમણી આંખ ઉપર કપાળના ભાગે તથા શરીરે ઈજાઓ થયેલી. ત્યારબાદ આ બાબતે સુજીતે પો.સ્ટે.માં ફરીયાદ આપેલી. પોલીસે મારો જવાબ લીધેલો. અકસ્માત કરનાર વાહનનો નંબર મને ખબર નથી કે મે જોયેલ નથી કે મને કોઈએ જણાવેલ નથી. આરોપીને જોયે ઓળખી શકુ નહી.''

(૧૧.૧) તેઓએ ફરીયાદપક્ષને સંપૂર્ણપણે સમર્થનકારક જુબાની આપેલ ન હોવાથી ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓને ફરી ગયેલ જાહેર કરવાની પરવાનગી માંગી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા પરવાનગી આપતા તે અન્વયે પુછવામાં આવેલ પ્રશ્નો અન્વયે પણ સદરહું સાહેદે ફરીયાદપક્ષને સમર્થનકારક હકીકતો જણાવેલ નથી.

(૧૧.૨) સદર સાહેદની બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટ–તપાસ દરમ્યાન જણાવેલ છે કે,''એ વાત ખરી છે કે અકસ્માત કરનાર વાહનનો નંબર મે જોયેલ નથી. એ વાત ખરી છે કે અકસ્માતવાળા સ્થળે ઘણાબધા વાહનોની અવર જવર રહે છે. એ વાત ખરી છે કે રાત્રીનો સમય હોય આરોપીને જોયેલ નથી તેમજ કહેવાતો બનાવ કોની બેદરકારીથી બનેલો તે હું કહી શકુ નહી.''

(૧૨) આમ, ફરીયાદી તથા સાહેદોએ પોતાની સર–તપાસમાં જણાવ્યા મુજબ બનાવ સમયે અકસ્માત થયેલાનું જણાવેલ છે, પરંતુ અકસ્માત કરનાર વાહનનો નંબર તેઓને ખબર નથી કે તેઓએ જોયેલ નથીકે તેઓને કોઈએ જણાવેલ નથી તેમજ આરોપીને જોયે ઓળખી શકતા ન હોવાનું જણાવેલ છે. તેઓની બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટ–તપાસ દરમ્યાન તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, અકસ્માત કરનાર વાહન નંબર તેઓએ જોયેલ નથી, અકસ્માત સ્થળે ઘણા બધા વાહનોની અવર જવર રહે છે, રાત્રીનો સમય હોય આરોપીને જોયેલ નથી તેમજ કહેવાતો બનાવ કોની બેદરકારીથી બનેલો તે તેઓ કહી શકે નહિ. આમ, સદરહુ ફરીયાદી તથા

સાહેદોની સમગ્ર જુબાની લક્ષમાં લઈ સંયુકત રીતે મુલ્યાંકન કરતાં, હાલના કામના આરોપીને આક્ષેપિત ગુન્હામાં સાંકળતો લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૩) વિશેષમાં ફરીયાદ પક્ષ તરફે રજુ કરવામાં આવેલ આંક–૧૧ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું, આંક–૧૨ થી ફરીયાદીનું સારવાર સર્ટીફીકેટ રજુ કરવામાં આવેલ છે. જે તમામ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતાં, અકસ્માત થતા અકસ્માતમાં ફરીયાદી ને ઈજા થયેલ હોવાની હકીકત ફરીયાદ પક્ષે પુરવાર કરેલ છે જેથી તે સંબંધે કોઈ તકરાર નથી પરંતુ માત્ર બનાવ બન્યો છે તે આધારે આરોપીને દોષિત ઠરાવી શકાય નહીં. બનાવ સમયે આરોપી જ પોતાના કબજાવાળું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવતા હોય તેવું ફરીયાદપક્ષે રજુ કરેલ ઉપરોકત તમામ પુરાવાને ધ્યાને લેતાં રેકર્ડ ઉપર ફલિત થતું ન હોવાથી આરોપી ધ્વારા પોતાના કબજાવાળું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવતા હોય તેવું માની શકાય તેમ નથી અને શંકાસ્પદ જણાઈ આવે છે. આમ, હાલના કામના આરોપીની બેદરકારીના કારણે હાલનો અકસ્માત બનેલ હોવા અંગે ફરીયાદ પક્ષના કેસમાં શંકા ઉભી થાય છે.

(૧૪) આમ, ફરિયાદ પક્ષ તરફે રજૂ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, હાલના કામે ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ– ૨૮૧ , ૧૨૫(એ) તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪ મુજબ ગુનો કરેલ હોવાનું ફરીયાદપક્ષ તરફે પુરવાર થયેલ ન હોય, તે સંજોગોમાં આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ– ૨૮૧ , ૧૨૫(એ) તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪ મુજબ અન્વયેના આક્ષેપિત ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય તેવો સ્પષ્ટ અને સચોટ પુરાવો ફરીયાદપક્ષ ધ્વારા રેકર્ડ પર આવેલ નથી.

(૧૫) આમ, ફરીયાદ પક્ષ તરફે રજૂ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, આંક–૦૬ થી ફરીયાદીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, પરંતુ તેઓની જુબાની અન્વયે આંક–૦૭ થી રજૂ ફરીયાદની હકીકતો નિ:શંકપણે પુરવાર થતી ન હોય, ફરીયાદીની સોગંદ ઉપરની જુબાની તેમજ હાલના કામે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ અન્ય સાહેદોની સોગંદ ઉપરની જુબાનીનું મુલ્યાંકન કરતાં,

ફરીયાદપક્ષના કેસ મુજબ આક્ષેપિત ગુના અન્વયે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેવો સબળ પુરાવો ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ન હોય, સદરહું કામે ફરીયાદીની જુબાની દરમ્યાન અકસ્માતમાં સંડોવાયેલ વાહન ચાલકનું નામ રેકર્ડ ઉપર આવેલ ન હોય કે આરોપીની બેદરકારીને લીધે અકસ્માતવાળો બનાવ બનેલ હોવાનું પુરવાર થયેલ ન હોય ત્યારે હાલના કામના આરોપીને તેમની વિરૂધ્ધના આક્ષેપિત ગુન્હા અન્વયે તકસીરવાન ઠરાવી શકાય તેવો સબળ પુરાવો રજૂ થયેલ નથી. હાલના કામે અકસ્માતવાળા બનાવમાં આરોપીની ઓળખ પણ રેકર્ડ ઉપર પુરવાર થતી નથી. અત્રે એ નોંધ લેવી ઘટે કે, હાલના કામે અકસ્માત વાળા વાહનના ડ્રાઈવરની ઓળખ તથા બેદરકારી સાબિત થવી જોઈએ, જો વાહનની ઓળખ સાબિત થાય અને ડ્રાઈવરની ઓળખ કે બેદરકારી સાબિત ન થાય તો તકસીરવાન ઠરાવી શકાય નહી. તેમજ જો ડ્રાઈવરની ઓળખ પણ સાબિત થાય પરંતુ ડ્રાઈવરની બેદરકારી સાબિત ન થાય તો પણ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. તેવા સંજોગોમાં ઉપરોકત સદરહું કામે ફરીયાદ પક્ષે રજૂ કરેલ તમામ પુરાવાઓનું કરવામાં આવેલ મુલ્યાંકન તથા ઉપરોકત ચર્ચા લક્ષમાં લેતાં, આરોપીને આક્ષેપિત ગુન્હા અન્વયે તકસીરવાન ઠરાવી શકાય તેવો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી ત્યારે આરોપી વિરૂધ્ધના બી.એન.એસ.ની કલમ– ૨૮૧ , ૧૨૫(એ) તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪ મુજબ મુજબના ગુન્હાના આનુષાંગિક તત્વો ફરિયાદ પક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

(૧૬) આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ હોય, ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત્રનાં સિધ્ધાંતો પ્રમાણે ફરીયાદ પક્ષ તરફે પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે, જો ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જાય તો આરોપીને સજા કરી શકાય નહી. સદરહું કામે ફરીયાદ પક્ષ તરફે રજુ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું કરવામાં આવેલ મુલ્યાંકન લક્ષમાં લેતાં, આરોપી વિરૂધ્ધના આક્ષેપીત ગુન્હામાં તકસીરવાન ઠરાવી શકાય તેવો પુરાવો રજુ કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ હોય, આ સંજોગોમાં આરોપી સામે મુકવામાં આવેલ આક્ષેપિત ગુના ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય,

આથી મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.ર અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## **–:: આખરી હુકમ ::–**

(૧) આથી, સદરહું કામના આરોપી નિતેશભાઈ અરજણભાઈ લગારીયા, રહે.ઉપલેટા, યોગેશ્વર નગર, પોરબંદર રોડ, તા.ઉપલેટા, જી.રાજકોટનાઓને બી.એન.એસ.ની કલમ– ૨૮૧ , ૧૨૫(એ) તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧ અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદરહુ કામના આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબ અપીલ સમયગાળા માટે રૂા.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ, આજરોજ તારીખ : ૦૬, માહે : જુલાઈ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ : આંકલાવ.**
**તા.૦૬/૦૭/૨૦૨૬**

**(એ.બી.સિંઘવી)**
**જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, આંકલાવ**
**જજ કોડ જી.જે.૦૧૫૮૬**

(M.M.Pathan)
Stenographer